# ચંદ્રયાન-૨ : સંપર્ક તૂટ્યો છે સંકલ્પ નહિ...

મને મળી નિષ્ફળતા અનેક એથી થયો સફળ કૈંક હું જિંદગીમાં...

- ઉમાશંકર જોશી

આપણા લાડીલા કવિની ઉપરોક્ત પંક્તિઓ ગાંઠે બાંધી રાખવા જેવી છે. દરેક માણસ સફળ થાય એવી અપેક્ષા પણ નહીં રાખવી જોઈએ. બાળક જન્મે છે ત્યારે સીધું જ ઊભું થઈને ચાલવા થોડું જ માંડે છે? એ ભાંખોડિયા ભરે છે, ઘસણીઓ ખાય છે, પછી ડગમગ પગલીઓ ભરતાં શીખે છે. એ જ બાળક સરખી રીતે ચાલતાં શીખી લીધા પછી દોડંદોડ કરી મૂકે ઓછે અને વડીલોને દહેશત રહે છે કે કયાંક પડે-આખડે નહીં. ચંદ્રયાન-૨ની નિષ્ફળતા કદાચ અતિ ઉત્સાહી ઈસરો કર્મીઓ માટે હતાશાનું કારણ બની શકે, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યોગ્ય રીતે જ એમની પીઠ થાબડી છે અને નિરાશ નહીં થવાની શીખ આપી છે. મોદીએ અલબત્ત ચંદ્રયાન-૨ની પાસે ઘણી મોટી અપેક્ષાઓ હતી.

**તંત્રીસ્થાનેથી...**

મંગળવિજય પછી ચંદ્રવિજય ખાસ તો એટલા માટે કે અત્યાર લગી કોઈ પણ દેશે ચંદ્રની દક્ષિણ ધ્રુવ પર ઉતરાણ કરેલ નથી. ઈઝરાયેલ નિષ્ફળ ગયું હતું. અમેરિકા, રશિયા અને ચીન પછી ભારત ચંદ્ર પર ઉતરાણ કરનાર ચોથું રાષ્ટ્ર બન્યું હોત. પાકિસ્તાનને દુનિયાભરમાં આતંકવાદનું પારણું સાબિત કરવામાં ભારતને સપડતા સાંપડી એના હરખમાં ચંદ્રવિજયથી કંકુથાપા લાગી ગયા હોત. મોદી નસીબદાર નેતા છે એવી રૂઢ થઈ ગયેલી માન્યતાને બળ મળ્યું હોત અને એથી દેશના 'મોરલ' ને પણ નવી ઊંચાઈ પ્રાપ્ત થઈ હોત. પરંતુ દરવખતે પાસા સવળા ન પણ પડે. જયારે ચડવાની તૈયારી કરીએ ત્યારે એક શક્યતા પડવાની પણ રહેલી જ હોય છે, ચંદ્રયાન-૨ લોન્ચ કરતી વખતે જ એનો સંકેત મળી ગયો હતો અને ઉત્સાહી વૈજ્ઞાનિકોએ લોન્ચિંગ થોભાવીને રહી ગયેલી ક્ષતિ સુધારી પણ લીધી હતી. એ પછી દરેક તબક્કે ચંદ્રયાન-૨ વૈજ્ઞાનિકોની ધારણા મુજબ આગળ વધતું રહ્યું હતું. ઑર્બિટ બદલતાં મુશ્કેલી સરજાવાની શક્યતા રહે છે. તેમાંથી પણ એ સફળતાપૂર્વક બહાર નીકળી ગયું હતું. છેક છેલ્લી ક્ષણો સુધી વૈજ્ઞાનિકોના આદેશને અનુસરતું યાન એના લેન્ડરને ચંદ્રની સપાટીએ પહોંચાડવાની ગણતરીની સેકન્ડોમાં ખોવાઈ કે ખોટકાઈ ગયું તેથી દુઃખ તો થાય જ. વિશ્વના અન્ય દેશોની સરખામણીએ સૌથી ઓછા ખર્ચે ચંદ્રયાન-૨ ચંદ્ર પર પહોંચશે એવી આઓશા ઠગારી નીવડી એનો આઘાત પણ લાગે. પરંતુ દરેક નિષ્ફળતા સફળતાનું સોપાન બનવા નિર્માયેલી હોય છે. કરોળિયો વારંવાર ચડે છે અને પડે છે અને છતાં હિંમત કે ધીરજ ગુમાવતો નથી એટલે અંતે એ ધાર્યું નિશાન સર કરે છે. ઈસરોની ભવ્ય વિજયગાથામાં ચંદ્રયાન-૨ની નિષ્ફળતા પણ ભાવિ સફળતાનું એવું જ સોપાન બની રહે એવી આશા અસ્થાને નથી.

# ધાર્મિક શિક્ષણની જરૂર છે




આદિકાળથી માનવ જીવનમાં ધર્મનું સ્થાન મહત્ત્વનું રહ્યું છે. આજના વૈજ્ઞાનિક યુગમાં પણ ધર્મે તેનું સ્થાન જાળવી રાખ્યું છે. ત્યારે સ્વાભાવિક છે કે માનવના વિકાસની અગત્યતાના પરિબળ એવા શિક્ષણ પર તેની અસર વર્તાય જ. પ્રાચીન સમયની શિક્ષણ અને ધર્મ એકબીજા સાથે સંકળાયેલા રહ્યાં છે. પ્રાચીન ભારતમાં શિક્ષણ પૂર્ણરૂપે ધર્મ પર આધારિત હતું. તે સમયનું વૈદિક શિક્ષણ, બ્રાહ્મણીય શિક્ષણ, બૌદ્ધ સમયનું શિક્ષણ વગેરે ધર્મ પર આધારિત હતું. શિક્ષણના અભ્યાસક્રમમાં ધર્મોના ગ્રંથોનો અભ્યાસ ફરજિયાત હતો. મધ્યયુગમાં ભારતીય શિક્ષણનો વિકાસ મુસ્લિમ શાસકોના આધિપત્ય નીચે થયો હતો. તે સમયે મુસ્લિમ ધર્મ અને સંસ્કૃતિનો પ્રચાર જ શિક્ષણનું ધ્યેય હતું. પ્રાચીન યુરોપમાં શિક્ષણ મઠોમાં તથા ચર્ચમાં પાદરી દ્વારા આપવામાં આવતું હતું. જેમ બાઈબલનું શિક્ષણ આપતું. ઓસ્ટ્રેલિયામાં પણ પ્રોટેસ્ટન્ટ, ધર્મ અને રોમન કેથોલિન ધર્મની પ્રજાએ બાળકોના ધાર્મિક શિક્ષણમાં ઊંડો રસ દાખવ્યો હતો. ગ્રેટ બ્રિટનમાં ૧૯૫૪માં બટલર કાયદા પ્રમાણે શિક્ષણની શાળાઓને છૂટ હતી. આરબ-ઈજિપ્ત જેવા દેશોમાં ધાર્મિક શિક્ષણને ઊંચું સ્થાન આપવામાં આવ્યું હતું.

સાંસ્કૃતિક વૈવિધ્ય ધરાવતા ભારત દેશમાં ધાર્મિક શિક્ષણ નિરંતર ચર્ચાસ્પદ મુદ્દો રહ્યો છે. ત્યારે આજના સમય અને આજની પરિસ્થિતિ જેમ કે લૂંટફાટ, ખુનખરાબા, ચોરી, છેતરપિંડી, અત્યાચાર, મારામારી, સચ્ચાઈ ને બદલે જુઠનો આશરો લઈને પોતાનું લક્ષ્ય સાધવાની વૃત્તિ વગેરેનો ધ્યાને લેતા શું. આજે શાળા કે કોલેજમાં ધાર્મિક શિક્ષણ આપવું જોઈએ? તેનો જવાબ વિચારીએ તે પહેલા આજના સમયમાં ધાર્મિક શિક્ષણ એટલે કે શું તેનો વિચાર કરીએ કારણ કે સમય જેમ બદલાય છે તેમ ચિંતન, સંકલ્પનાનો અને જરૂરિયાતો પણ બદલાય છે.

આજના સમયમાં ધાર્મિક શિક્ષણ એટલે કોઈ ધર્મ કે સંપ્રદાયનું જ શિક્ષણ નહીં, પણ નૈતિક મૂલ્યોનું શિક્ષણ દરેક વ્યક્તિને સીધી સલાહ આપવામાં આવે તો સરળતાથી સ્વીકારવા તૈયાર થતો નથી. પણ જો તેને જે ધર્મમાં આસ્થા, વિશ્વાસ અને શ્રદ્ધા હોય તે આધારે જો કહેવામાં આવે તે તે દિલથી સ્વીકારવા તૈયાર થશે. કારણ કે ધર્મને જેટલો મન સાથે સંબંધ છે, તેના કરતા દિલ સાથે વિશેષ સંબંધ છે. જેની નૈતિક મૂલ્યોનું શિક્ષણ શાળા કે કોલેજમાં આપવું જરૂરી છે.

આ નૈતિક મૂલ્યોનું શિક્ષણ એજ ધર્મનું શિક્ષણ બીજી રીતે વિચારતાં ધર્મ એટલે ફરજ, કર્તવ્ય, તો કર્તવ્ય કેવું અને શા માટે ? તે શીખવવું આજના સમયમાં વધારે જરૂરી લાગે છે. વ્યક્તિના વર્તન વ્યવહાર કેવા હોવા જોઈએ કે જેથી તેના વિકાસની સાથે સમાજ અને રાષ્ટ્રનો પણ વિકાસ થાય? કેટલાક ભારતીય ચિંતકોના ધર્મ માટેના અભિપ્રાયો જોઈએ તો વિનોબા ભાવેજીએ કહેલું કે, ધર્મનું સત્વ એટલે જ ચારિત્ર્ય ઘડતર ડો. રાધાકૃષ્ણને જીવનમાં રાજકારણમાં, કેળવણીમાં ધાર્મિક શિક્ષણની તરફેમ કરેલી, તેના મતે ધાર્મિક કેળવણીનો ઉદેશ કોઈ સંપ્રદાયનું શિક્ષણ નથી. સંપ્રદાયની ધાર્મિક માન્યતાઓના શિક્ષણને તેઓ ધાર્મિક શિક્ષણ ગણે છે. ગાંધીજી માનતા હતા કે વિદ્યાર્થીઓ ધર્મની સાચી સમજ મેળવે અને તેનું પરિશીલન કરે. ધાર્મિક કેળવણી પ્રત્યેના આંખ મિચામણાં કે તેની અવગણના સમાજ અને રાષ્ટ્ર માટે હાનિકારક નીવડશે. માટે જ તેમણે કહેલું કે આધ્યાત્મિકતાનું દેવાળું ન કાઢવું હોય તો દરેક યુવાનમાં આધ્યાત્મિક કેળવણી આપવી જરૂરી છે.

આજે વિજ્ઞાનના કારણે માનવ માનવથી નજીક આવ્યો છે, પરંતુ તેમના દિલ નજીક આવ્યા છે ? તેમના વચ્ચે આત્મયીતા ઊભી થઈ છે? આજે એક વ્યક્તિને બીજી વ્યક્તિ પર શ્રદ્ધા કે વિશ્વાસ રહ્યા નથી. પણ જો માનવ ને માનવ સાથે જો દિલથી સંબંધ જોડવો હશે તો આધ્યાત્મિક શિક્ષણના પાઠ નાનપણથી જ શીખવવા પડશે. પોતાની જરૂરિયાત સંતોષાય એ પૂરતું નથી. બીજાની જરૂરિયાતો પણ સંતોષાવી જોઈએ. કર્ણાટકની સરકારને અભિનંદન પાઠવવાની કેમ ભૂલાય કે જેમને તેમની શિક્ષક વ્યવસ્થામાં ગીતાના પાઠને અગ્રણ્ય સ્થાન આપ્યું છે. અંતે એક જ પ્રશ્ન મારે તમને કરવો છે કે માણસ અને ગરીબ વચ્ચે તફાવત શું છે? ગરીબ મંદિરની બહાર ભીખ માંગે છે જયારે અમીર વ્યક્તિ મંદિરની અંદર ભગવાનની સમક્ષ ભીખ માંગે છે.

# સાત ચક્રો વિષે જાણવા જેવું

(ગઈકાલથી આગળ...)

**૬. થર્ડ આઇ ચક્ર – અજના:**

થર્ડ આઈ ચક્ર નું સ્થાન ક્યાં છે? આ ચક્ર તે મગજમાં, નાકના પાયા ઉપર, ઉઝરડા પર સ્થિત છે. આંતરિક અને બાહ્ય જગત બંને આ ચક્રની ઊર્જા આધ્યાત્મિક ચિંતન અને આત્મ પ્રતિબિંબની અનુભવે છે. ત્રીજી આંખ ચક્ર આધ્યાત્મિક વિશ્વ સાથેનો સંબંધ છે. તે ગોપનીય, આધ્યાત્મિક ઘટના સાથે કંપન કરે છે જે એકવાર નીચે આપેલા બધા ચક્રો સ્પષ્ટ અને સક્રિય થાય તે પછી તમને ઉપલબ્ધ થઈ શકે છે. આ ચક્ર સંપૂર્ણપણે સક્રિય થાય છે, ત્યારે મગજના ગોળાર્ધ બંને સિંક્રનાઇઝમાં કાર્ય કરે છે. જમણી ગોળાર્ધની સર્જનાત્મકતા અને કૃત્રિમ વિચાર ડાબી બાજુ ગોળાર્ધની તાર્કિક અને વિશ્લેષણાત્મક



વિચારસરણી સાથે સંકલિત અને સંતુલિત છેઆ ચક્ર કેવી રીતે સંતુલિત કરવું: આજ્ઞા ચક્ર સંતુલિત કરવા માટે હકિકતોનો ઉપયોગ ખૂબ જ અસરકારક હોઈ શકે છે. સમર્થન મર્યાદિત માન્યતાઓને લક્ષિત કરવામાં અને તેમને વધુ હકારાત્મક કંઈક સાથે બદલવામાં તમારી સહાય કરે છે. તમે તમારા અંતર્જ્ઞાન, હેતુ અને આધ્યાત્મિકતા પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગો છો. બધા તત્વો સંયુક્ત પ્રકાશ, ઈન્ડિગો રંગ, પાંચ પોઈન્ટેડ સ્ટાર આકાર, એન્ડ્રોકિન ગ્રંથિ - પિટ્યુટરી ગ્રંથિ ,શારીરિક સંગઠન - આંખો, ખોપરીનો આધાર, કિશોરાવસ્થા વિકાસ તબક્કો, ગ્રહો- શનિ, ચંદ્ર, શિવ દેવતા. અજના ચક્રનું અસંતુલનથી પરિપ્રેક્ષ્યની સમસ્યા, કલ્પનાની અભાવ. ધ્યાન કેન્દ્રિત કરવા, થર્ડ આઇ ચક્ર અવરોધિત થવાથી સોસિઓપેથી અને ભ્રમણા થઈ શકે છે.

**૭. ક્રાઉન ચક્ર – સહશ્રરા :**

સહશ્રરા ચક્ર નું સ્થાન ક્યાં છે ? માથાના તાજ પર સ્થિત તમારું સાતમું ચક્ર, સહશ્રરા છે. તે સૌથી વધુ સભાનતાની બેઠક છે. તે તમામ ચક્રમાં કુન્દાલિની ઊર્જાનું જાગૃતિ પરિણમે છે, જે કરોડના ચક્રને તાજ ચક્ર તરફ ઉગાડે અને આધ્યાત્મિક જાગૃતિનું કારણ બને છે. સહશ્રરા માથાના તાજ પર સ્થિત નિઃસ્વાર્થ અનુભૂતિ છે કે બધું મૂળભૂત સ્તરે જોડાયેલું છે. આ ચક્રની શક્તિ આપણને કુદરતની દરેક વસ્તુ સાથે રહસ્યમય એકતા અનુભવવાની , જીવન વિશે શાંતિ અને આનંદ આપે છે. તેને તાજ કમળ ચક્ર , હજાર પાંદડાવાળા કમળ અને ઝીરો પોઈન્ટ ફીલ્ડ તરીકે ઓળખાવે છે. સાતમી ચક્ર એ પ્રાપ્ત કરનાર અને શક્તિ અને સભાનતા બંને છે. તે જીવન ટકાવી રાખવા માટે ઊર્જા મેળવે છે અને તે ચેતનાના સામૂહિક પૂલ સાથે એકીકૃત થવા માટે વ્યકિતગત શકિતને પાછું આપે છે. ઉચ્ચ શક્તિ દ્વારા માર્ગદર્શન થી અંદર અને બહારથી દૈવીતા અનુભવીએ છીએ. વિચાર તત્વ, વાયોલેટ અથવા સફેદ રંગ, કમળની પાંખડીઓ એક હજાર,એન્ડ્રોકિન ગ્રંથિ- પાઈનલ ગ્રંથિ, સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ, સેરેબ્રલ કોર્ટેક્સ - શારીરિક જોડાણ, સમગ્ર જીવન દરમ્યાન વિકાસશીલ તબક્કો, યુરામીસ ગ્રહો. આ ચક્રને કેવી રીતે સંતુલિત કરવું ? સહશ્રરા ધ્યાન દ્વારા સૌથી વધુ પ્રભાવિત છે. એક પ્રભામંડળ માથાના સમગ્ર તાજને પ્રકાશિત કરતી સોનેરી પ્રકાશની કલ્પના પછી શરીર અને ભાવના બંને પ્રકાશ ચક્રનો અવાજ ઓમ છે. આ બ્રહ્માંડની રચનાત્મક ધ્વનિ હોવાનું માનવામાં આવે છે. ઓમ અવાજથી શરીર વાઈબ્રેટ થતા બ્રહ્માંડ સાથે જોડાણ આપે છે.

- **ચિરાગ શરદકુમાર જાની**

(પૂર્ણ)

# શિક્ષણ, સર્જન અને સંવેદનાનું વટવૃક્ષ : ડૉ. શ્યામસિંહ 'શશિ'



આ સંસારમાં ઈશ્વરે એવી ઘણી બધી વ્યક્તિઓનું સર્જન કર્યું છે કે જેનો ઑરા અત્યંત પાવરફૂલ હોય છે. એમના વ્યક્તિત્વમાંથી, વાણીમાંથી સતત નવી ઊર્જાનું સ્ફૂરણ થતું હોય છે. જે અન્યને પોતાની તરફ આકર્ષે છે. આવી જ એક સામર્થ્યવાન વ્યક્તિ ડૉ. શ્યામસિંહ "શશિ" નો પરિચય મને બે મહિના પહેલા દિલ્હીમાં મંત્રાલયના એક કાર્યક્રમમાં થયો.

ડૉ. શ્યામસિંહ "શશિ" નો જન્મ તા. ૧, જુલાઈ, ૧૯૩૬ના રોજ ઉત્તરાખંડની પવિત્રભૂમિ હરિદ્વાર પાસેના સાવ નાના એવા પર્વતીય ગામ બહાદરપુર જરમાં એક ખેડૂત અને સ્વાતંત્ર્ય સેનાની પરિવારમાં થયેલો, પ્રાથમિક શિક્ષણ ગામમાં પૂર્ણ કર્યા બાદ માધ્યમિક શિક્ષણ દરરોજ ૧૨ કિલોમીટર પગે ચાલીને પૂર્ણ કરનાર આ બાળક આજે ત્રણ વિષયોમાં પીએચ.ડી, ડિ.લિટ, પી.જી (મેનેજમેન્ટ) મૈનચેસ્ટર યુનિવર્સિટી – લંડન સુધીનું ઉચ્ચત્તમ શિક્ષણ મેળવી શિક્ષાવિદ બને છે. તો વળી ભારત સરકારના પ્રકાશન વિભાગમાં ઉચ્ચત્તમ પદ ડાયરેકટર જનરલ ( મહા નિદેશક ) પર દસ વર્ષ પોતાની સેવા દરમિયાન " સંપૂર્ણ મહાત્મા ગાંધી વાઙ્મય" નું પ્રકાશન તથા અનેક કિર્તીમાન સ્થાપીને અત્યંત લોકપ્રિયતા પ્રાપ્ત કરે છે.

ડૉ. શ્યામસિંહ "શશિ" દ્વારા ૫૦૦થી વધારે અંગ્રેજી – હિંદી ગ્રંથોનું લેખન નિર્માણ થયેલું છે. જેમાં સો જેટલા ગ્રંથોનું લેખન તો હિંદીમાં છે. જેમાં ૨૧ કાવ્યસંગ્રહ છે જેમાં સૌથી કીર્તિદા કૃતિ " અગ્નિસાગર " મહાકાવ્ય છે. હિમાલય અને વિશ્વના યાયાવરો ઉપર બે ડઝનથી બધુ ગ્રંથો, બાલસાહિત્ય ઉપર ૨૫ જેટલા ગ્રંથો, યાત્રા વૃતાંત્તો, સામાજિક વિજ્ઞાન હિંદી વિશ્વકોશના પાંચ ખંડ, અંગ્રેજીમાં એનસાઈક્લોપિડીયા ઈન્ડિકાના ૨૦૦ ખંડ, એનસાઈક્લોપિડીયા ઓફ ઈન્ડિયન ટ્રાઈબ્સના દસ ખંડ, ઉપરાંત અનેક ઐતિહાસિક ગ્રંથોનું લેખન, સંપાદન આ સર્જકે કરીને સમગ્ર ભારતીય સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. ડૉ. શશિજી લિખિત મહાકાવ્ય "અગ્નિસાગર" પરથી એક ટીવી સિરીયલ પણ બનેલી જેના દસ એપિસોડ નેશનલ ટીવી પરથી પ્રસારિત થયેલા, તો વળી આ જ રચનાનું ૨૦૦૩માં સંસ્કૃત મંત્રાલય દ્વારા કાવ્યનાટકનું મંચન નિર્માણ પણ કરવામાં આવેલું. અને રેડિયો નાટક રૂપે પણ પ્રસારિત થયેલું. 'કામાયની તથા અગ્નિસાગર કા તુલનાત્મક અભ્યાસ' શોધગ્રંથને ઉત્તરાખંડ તથા બીજી ઘણી યુનિવર્સિટીઓમાં સંદર્ભગ્રંથ - પાઠ્યપુસ્તક રૂપે માન્યતા મળી છે. ડૉ. શશિજીની સૌથી મહત્વની રચના છે 'રોમા પુત્રી કે નામ' આ નવલકથા એક વિલક્ષણ રચનારીતિ ધરાવતી ભારતની સૌ પ્રથમ યાયાવરી નવલકથા રૂપે વિખ્યાત થઈ છે. તો વળી ભારત કે યાયાવર પણ તેમની શ્રેષ્ઠ કૃતિના રૂપે પ્રસ્થાપિત છે.

ડૉ. શ્યામસિંહ દેશના સર્વપ્રથમ સાહિત્યકાર છે કે જેમણે દેશવિદેશના યાયાવર સમુદાયો, રોમા જિપ્સિયો ઉપર સમૃદ્ધ સાહિત્યનું સર્જન કર્યું છે. અને તેમના આ સંશોધિત સાહિત્યિક પ્રદાનને ધ્યાનમાં રાખીને એ સમયના તત્કાલિન રાષ્ટ્રપતિ ડૉ. શંકર દયાલ શર્મા એ એમને ભારત સરકારના " મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન પુરસ્કાર"થી સન્માનિત કર્યા છે. તથા પુના વિશ્વ વિદ્યાલયે રાહુલજી તથા શશિજીના યાયાવર સાહિત્યના તુલનાત્મક અધ્યયન ઉપર પીએચ.ડી.ની પદવી પણ આપી છે.

ડૉ. શશિજીના સાહિત્ય ઉપર લગભગ ૫૦ થી વધુ સંશોધકોએ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે જેમાં આગ્રા, બેંગલોર, મેરઠ, દિલ્હી, ગઢવાલ, રાજસ્થાન, અજમેર, કુરુક્ષેત્ર, પુના વગેરે યુનિવર્સિટીઓમાંથી પીએચ.ડી, ડિ. લિટ આદિ પદવીઓ એનાયત કરવામાં આવી છે. તો વળી ડૉ. તરંગ દ્વારા સંપાદિત પાંચ સો પૃષ્ઠોના ગ્રંથ " ડૉ. શ્યામ સિંહ "શશિ" કા સૃજન મૂલ્યાંકન " ગ્રંથમાં મૈથિલીશરણ ગુપ્ત, સુમિત્રાનંદ પંત, વિયોગી હરિ, હરિવંશરાય બચ્ચન, દિનકરજી, ભવાનીપ્રસાદ મિશ્ર, સોહનલાલ દ્વિવેદી, પ્રભાકર માચવે, યશપાલ જૈન, ડૉ. નામવર સિંહ, ડૉ. નગેન્દ્ર, વિષ્ણુ પ્રભાકર, અમૃત પ્રીતમ... આદિ અનેક દિગ્ગજો સાહિત્યકારોએ "શશિજી" વિશે લખીને તેમને હિંદીના શીર્ષસ્થ સર્જકોની શ્રેણીમાં મૂકી દીધા છે.

આ સર્જકના સાહિત્ય અને સ્વપ્નની ઉડાન માત્ર દેશ પૂરતી મર્યાદિત ન રહેતા વિદેશો સુધી પહોંચે છે. તેમણે ભારતના અનેક જનજાતિય ક્ષેત્રોની સંસ્કૃતિ અને સભ્યતાના સંશોધન બાદ યુરોપ, અમેરિકા, એશિયાના દેશોમાં, રશિયા, ઈંગ્લેંડ, ફ્રાન્સ, જર્મની, ઈટલી, બુલ્ગેરિયા, હંગરી, મૈક્સિકો, જાપાન, થાઈલેન્ડ, સહિત ૭૫થી વધુ દેશોની સર્જનયાત્રા કરીને પોતાની કલમને અનેક સંસ્કૃતિઓના સંપર્કમાં લાવીને અનુભવસિદ્ધ કરી છે. તો વળી ભારત સરકારના ઉચ્ચ પદ પર આરૂઢ હોવા છતાંય શશિજીની સરકારી વિદેશયાત્રા ખૂબ જ ઓછી છે, જેમાં ૧૯૯૫માં જાપાન તથા બાંગ્લાદેશની આંતરરાષ્ટ્રીય સાહિત્યિક સંસ્થાએ એમને સન્માનિત કર્યા હતા. વર્ષ – ૨૦૦૩માં અમેરિકાના ન્યૂયોર્ક, નોર્થ કૈરોલિના, સાન ફ્રાન્સિકો, ઑસ્ટિન તથા ઈંગ્લેંડમાં લંડન અને બર્મિંઘમની સાહિત્યિક સંસ્થાઓએ તેમને અતિથિ રૂપે નિમંત્રિત કરીને ઉત્કૃષ્ટ સર્જન માટે સન્માનિત કર્યા હતા. તો વળી આંતર રાષ્ટ્રીય હંગેરિયન ફેડરેશનના નિમંત્રણથી ૨૦૦૪માં "બુદાપેસ્ત" જઈને ત્યાં "શક-હૂણ સંસ્કૃતિ" ઉપર પોતાનું વ્યાખ્યાન આપેલું. ત્યાંથી બર્લિન અને જર્મનીમાં ભારતીય સંસ્થાઓએ સન્માનિત કરેલા.




ડૉ. શશિજીએ રાહુલ સાંકૃત્યાયનની જેમ હિમાલય ઉપરાંત સમગ્ર વિશ્વમાં ફેલાયેલા રોમા – જિપ્સીઓના નૃ – વૈજ્ઞાનિક સંશોધન માટે અનેક દેશોની યાત્રાઓ કરી છે. મૈક્સિકોના વિશ્વના સૌથી મોટા સૂર્યમંદિરની ખોજમાં ભારતના વિદ્યાવિદના રૂપમાં ગયા હતા, તો વળી ૨૦૦૭માં મૉરિશસના રાષ્ટ્રપતિ ડૉ. અનિરુદ્ધ જગન્નાથ તથા અનેક સંસ્થાઓ દ્વારા અને સર્બિયા ગણરાજ્યના બેલગ્રેડ તથા અન્ય શહેરોમાં આયોજિત સર્જક સંમેલનોમાં પણ સન્માનિત કરીને તેમની કલમની ગરિમા વધારી હતી. ડૉ. શશિજીએ ભારતીય ભાષાઓ અને હિંદીના ઉત્થાન માટે બે વખત ભારત સરકારના વરિષ્ઠ નિદેશક પદ પરથી રાજીનામા આપ્યા છે. જેનો સ્વીકાર ના કરાતા સ્વૈચ્છિક નિવૃત્તિ પણ લઈ લીધેલી.

મુખ્યત્વે અંગ્રેજી અને હિંદી ભાષામાં સર્જન કરતા આ સર્જક સંશોધક શ્રી ડૉ. શશિજીને ભારત સરકાર તરફથી "પદ્મશ્રી" ઉપરાંત અનેક પ્રતિષ્ઠિત પારિતોષિકો – સન્માનો, પ્રાપ્ત થયેલા છે જેમાં હિંદી અકાદમી સાહિત્યકાર સન્માન, મહાકવિ તુલસી પુરસ્કાર, બાળ સાહિત્ય પુરસ્કાર, લોહિયા સાહિત્ય સન્માન, બિહાર સરકારનો " સંસ્કૃત પુરસ્કાર, સાહિત્ય શિરોમણી, માનવિકી શિરોમણી, આદિ અનેક પુરસ્કારો – સન્માનો મેળવીને તેમણે પોતાની કલમનિષ્ઠાનું અને હિંદી અંગ્રેજી સાહિત્યનું તથા દેશનું ગૌરવ વધાર્યું છે.

દેશ વિદેશની અનેક યુનિવર્સિટીઓના વિઝિટીંગ વ્યાખ્યાતા અને રોમા યુનિવર્સિટી-સર્બિયા WROR ના માનદ કુલપતિ ડૉ. શશિજી દેશ વિદેશની અનેક સંસ્થાઓના સંસ્થાપક, અધ્યક્ષ, સંરક્ષક રહ્યા છે. હાલ તેઓ ૮૩ વર્ષની વયે પણ ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીના સંચાલક, રીસર્ચ ફાઉન્ડેશન ઈન્ટરનેશનલ ઈંસ્ટિટ્યુટના અધ્યક્ષ અને "સંસ્કૃતિ – સભ્યતા " સામયિકના તંત્રી – સંપાદક પદે કાર્યરત છે. દેશ વિદેશના અનેક સામયિકોમાં, અખબારોમાં, પત્રિકાઓમાં એમના લેખો પ્રકાશિત થતા રહે છે.

એમનું સ્વભાવે એકદમ સરળ, નિરાભિમાની, મૃદુ અને સંવેદનશીલ હોવું એ આપણા સૌના માટે પ્રેરણાદાયી છે. જેમના જીવન અને કવન વિશે હજારો પૃષ્ઠો ભરીને ગ્રંથો લખી શકાય આ વ્યક્તિત્વ વિશે આ નાનો લેખ મીઠા જળના દરિયામાંથી એક ચમચી આચમન લેવા બરાબર છે. પરંતુ શશિજી સાથેની દિલ્હી એમના નિવાસસ્થાને થયેલી અમારી બે ચાર મુલાકાતોમાં

**અનુસંધાન પાના નં ૭ પર**

# સોચો ઠાકુર સોચો... પણ માપમાં હો!




પત્નીને એમ જ બેઠેલી જોઈને પતિએ પૂછ્યું 'શું કરે છે ?' પત્નીનો જવાબ હતો 'કંઈ નહી, બેઠી બેઠી વિચારું છું '...પતિ ઉવાચ ' પણ આ કામ તો તું કાલે પણ કરતી હતી'...પત્નીનો સટાક જવાબ : હા તે હજુ પૂરું ક્યાં થયું છે'....! છે ને જમાવટ...? માણહ વિચારે પણ નહિ...? પણ યુ સી આમાં પત્નીનો વાંક નથી કેમકે હું ને તમે બધા જ એકવાર વિચારવાનું શરુ કરીએ તો ક્યા અટકવું એની ખબર નથી પડતી...જો કે આવી સ્થિતિને આપણી તળપદી અસ્સ્સલ ગુજરાતીમાં 'વિચારવાયુ' કહે છે. અને આ કાઈ ખોટું નામાભિધાન પણ નથી જ. વિચારવું એ એક પ્રકારનો વાયુ જ છે, પેલું અડગમ બડગમ ખવાઈ ગયા પછી પેટમાં ઉછાળા મારે અને જીવને જંપવા ના દે એ જ વાયુ...! આ વિચારવાયુનું પણ એવું જ છે, એકવાર ગોટે ચડ્યો પછી માણસને હખ લેવા નો દયે...એકમાંથી બીજો ને બીજામાંથી ત્રીજો વિચારનો પરપોટો કે વિચારનો કોટો ફૂટ્યા જ કરે...!

ગુણીજનો કહી ગયા છે કે 'બોલતા પહેલા અનેક વાર વિચારવું' પણ ગુણીજનો એ નથી કહી ગયા કે કેટલું વિચારવું ? એ ફકરો ગુણીજનોએ સૌ સૌ ની અક્કલ પર છોડેલો છે - અક્કલ બોલે તો દિમાગ પર ! એટલે થાય છે શું કે ૧૦૦ માંથી ૯૯ દિમાગ કોઈ એક વિચાર પર ચડી જાય તો પછી વિચારમાંથી શક્યતાઓ અને શક્યતાઓમાંથી શંકાઓ અને શંકાઓમાંથી સારા કે ખરાબ અને મોટેભાગે તો ખરાબ પરિણામોની કલ્પનાઓ જ ...આમ એક કે બાદ એક ઠાકુર પણ સોચતા થાકી જાય એટલા વિચારોનો ટ્રાફિક મગજના હાઈવેને જામ કરી મુકે.અને એમાં વાંક આપણો છે જ નહિ કેમકે 'સોચ પે કિસી કા કહા બસ ચાલતા હૈ' બરાબર છે બબુઆ પણ વિજ્ઞાન કહે છે કે વધુ પડતું વિચારવાથી નેગેટીવ વિચારો વધુ આવવાની પોસીબીલીટી વધી જાય છે. આપણે ઘણીવાર 'મુક ને આમાં કાઈ થઈ શકે એમ નથી' કહીને કોઈ વાત પડતી તો મૂકી દઈએ છીએ પણ પ્લીઝ નોટ કે એમ છતાયે એ પડતો મુકાયેલો વિચાર જો ફરી ફરીને દિમાગમાં ઘુસાડતા રહીએ તો પછી નેગીટીવ થીંકીંગના શિકાર બનતા વાર નથી લાગતી. હા પોઝીટીવ દિશામાં વિચારતા હોવ તો શક્ય છે કે કશોક હલ મળી જ જાય પણ તો પાછું એ ' પોઝીટીવ થીંકીગ ' થઇ ગયું જ્યારે આપણે તો એક સિમ્પલ વિચાર વિષે વિચારી રહ્યા છીએ..! એની જાપ્તને અહિયાં'ય વિચાર તો આવી જ ગયો...!

'ખાલી દિમાગ શૈતાન કા ઘર ' આ વાત જેટલી ખાલી દિમાગને લાગુ પડે છે એટલી જ અતિશય વિચારોથી ભરેલા દિમાગને પણ લાગુ પડે છે. આમાં શું છે કે આ 'વિચારવાયુ' એટલે કે વધુ પડતું વિચારવું એને 'ઓવર થીંકીંગ' કહે છે અને નામ મુજબ જ ઓવર થઈ જાય એટલે કવર ના થાય એવી આની લાક્ષણિકતા છે. કોઈને એમ કહીએ કે ચલ અહિયાં પાંચ મિનીટ શાંતિથી બેસ અને કશું જ ના વિચાર... તો એ પોસીબલ છે? બિલકુલ નહી, કેમકે દિમાગનું કામ જ આ છે વિચારવાનું અને એટલે શું છે કે એ તો પોતાનું કામ કર્યે જ જવાનું પણ વાત જ્યારે પોઝીટીવ વિચાર કે નેગીટીવ વિચારની હોય, વાત જ્યારે કોઈ એક વિચારની લાઈન કેટલે સુધી લાંબી કરવાની હોય ત્યારે મોટાભાગના કેસમાં આ લાઈન લંબાતી જ જતી હોય છે જો કે ઈટ ડીપેન્ડસ કે ક્યાં સોચ રહે હો...? આનો યુપીએસસી માં વિચારવિસ્તાર કરવાનો ક્વેશ્ચન પુછાય તો એમ કહી શકાય કે આપણે જે પ્રમાણે અને જેટલું વિચારીએ છીએ એ મુજબ આપણા દિમાગનું સ્ટ્રકચર બદલાતું રહેતું હોય છે...! અરે હસવાની વાત નથી પણ આ સાયકોલોજીકલી અને મેડીકલી પ્રૂવ છે કે વિચારો અને એના રીએક્શન મુજબ દિમાગ બદલાતું રહે છે. બદલાતું બોલે તો નાનું-મોટું ના થાય પણ દિમાગના જ્ઞાનતંતુઓ એ મુજબ વર્તવાનું શરુ કરી દે. ગુગલમાં કશુક સર્ચ કરો પછી ગુગલ તમને વારંવાર એના લાગતા વળગતા રીઝલ્ટ બતાવ્યા કરે છે ને કૈક એવું જ...!!! મતલબ કે વિચારોની કલ્પના અને એ વિચારોનું અંતિમ પરિણામ જો એક હોય અને ખાસ તો જો એનો સમયગાળો ઓછો હોય તો સમજ લો કી આપકા દિમાગ હેલ્થી હે..!

'એ સરકીટ હેલ્થી બોલે તો ?' હેલ્થી બોલે તો તમે વધુ પડતા વિચારવાની બીમારીથી ત્રસ્ત નથી. પણ જો એ જ વિચાર સતત રટ્યા જ કરતા હોવ અને કોઈ નિષ્કર્ષ કે પરિણામ પર પહોચાય નહિ તો એ થયું ઓવર થીકીગ..! નો ડાઉટ બધી વખતે એવું ના પણ થાય કે તમે કોઈ વિચારને સફળતાપૂર્વક અંત તરફ પહોચાડી શકો પણ જનરલી હર એક વિચારનું કોઈ કન્કલુંઝન હોવાનું જ પણ જો એ ના મળે તો આદમી સોચતા હી રહેતા હૈ...સોચતા હી રહેતા હૈ..! હે કી નહિ ? પછી આગળ લખ્યું એમ વિચાર અને વિચારમાંથી શંકા અને શંકામાંથી અવિશ્વાસ...ઔર ના જાને ક્યા ક્યા મગજના ગોળામાં ગોળ ગોળ દોડ્યા જ કરે કે સાલું એટ ધ એન્ડ એ જ ના સમજાય કે વિચારવાનું શરુ શેના પર કરેલું..? એક્ચ્યુલી વિચારવું એ ખરાબ બાબત નથી જ અને મજાની વાત એ છે કે વિચારવાથી જ દરેકનું કોઈ ને કોઈ સોલ્યુશન પણ મળી જ જાય છે અને મોસ્ટ ઈમ્પો કે સોચના હમ રોક ભી નહિ શકતે એટલે હરીફરીને વાત ત્યાં જ આવીને અટકવાની કે કિતના સોચે ઔર કબ તક સોચે..?

આટલું વાંચતા ઘણા ધોખો કરશે કે શું આ જે બધા જીનીયસ લોકો થઈ ગયા એ વધુ નહિ વિચારતા હોય ? વગર વિચાર્યે કે ઓછું વિચારીને એમણે કોઈ ને કોઈ શોધ કે શરૂઆત કરી હશે ? અસલમાં આ સવાલમાં જ જવાબ આવી ગયો અને જવાબ એ છે કે એમણે ઘણું કે લાંબુ વિચાર્યા પછી કોઈ નિષ્કર્ષ પર તો પોતાના વિચારને પહોચાડ્યો જ હશે ને ? કે બસ લેખની શરૂઆતમાં લખ્યું એમ રોજજેરોજ ખાલી સોચ્યા જ કર્યું હશે ? એમને પણ નેગીટીવ વિચારો આવ્યા હશે પણ મહત્વનું એ છે કે માત્ર ઓવર થીકીંગ કર્યા વગર એ બધા જ કોઈ એક સમાધાન - કન્કલુંઝન પર પહોચ્યા હતા. અને આ સમાધાન જેવું જ બીજું અગત્યનું છે કે વિચારને લીમીટેડ કરવા. ખબર જ હોય કે આ વાત તમારા કન્ટ્રોલ કે પહોંચની બહાર છે તો બેટર છે કે એના વિષે વિચારતી વખતે આ વાસ્તવિકતાનો એસએમએસ દિમાગને પહોચાડી દેવો એનાથી થશે શું કે એક તો ઓવરથીકીંગથી બચાશે અને બીજું કે નેગીટીવ થીકીંગના વોટ્સઅપગ્રુપમાં તમને કોઈ એડ નહિ કરે...! કોઈ મતલબ તમે જાતે જ રીક્વેસ્ટ નહી મોકલો..!

જોક્સ એપાર્ટ થીકીંગ અને ઓવરથીકીંગનો જ પેટા પ્રશ્ન છે પોઝીટીવ અને નેગીટીવ થીકીંગ, મગર નેગીટીવ થીકીંગ ડેફીનેટલી ઓવરથીકીંગનો પાક્કો ભાઈબંધ છે! એટલે આ થીકીંગવાળા દાખલાનો સીધો ને સટ જવાબ છે કે જરૂર જેટલું જ વિચારો..! વધારે પડતું થીકીંગ થીકીંગ થઇ ગયું નહિ..?! જો કે એક ઝાટકે આપણે એગ્રી કે આ વધુ પડતું થીન્કવા ને રોકવું મુશ્કેલ તો છે જ પણ સાયકોલોજી કહે છે કે જેટલું તમે ઓવરથીકીંગ ટાળી શકશો એટલું તમે જરૂર જેટલું જ વિચારવાની મહારત વધુ હાંસિલ કરી શકશો..! ગયઢાં કહી ગયા છે કે 'બહુ વિચારવું નહિ' પણ એનો અર્થ એ નથી કે સાવ વિચારવું જ નહી પણ એનો અર્થ છે કે કામ પુરતું જ વિચારવું ને એમાયે કાઈ છેડો ના આવે તો ઘોયરૂ કરી દેવું....બીકોઝ આફ્ટરઓલ સાચી દિશામાં અને સાચી રીતે જરૂર પુરતું જ અને એ પણ કોઈ નિષ્કર્ષ પર પહોચાય એટલું જ વિચારવું એના પર જ વ્યક્તિનું ચરિત્ર, વ્યક્તિત્વ અને વિચારશીલતા ટકેલી છે જે મને ને તમને બહેતર ઈન્સાન બનાવે છે..! યે બાત ફુરસદ મિલે તો સોચ લેના....!

વિસામો :

'ઝાઝું વિચારવું જ નહી, મારું કે તારું કંઈ ધાર્યું ના થાય એના કરતાં તો ધારવું જ નહી... ઝાઝું વિચારવું જ નહીં'

( કૃષ્ણ દવે )